# GUJARAT STATE ROADS & BUILDING DEPARTMENT
# ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ
## PERCENTAGE RATE TENDER AND CONTRACT FOR WORKS
## કામો માટેનું ટકાવારી દરવાળું ટેન્ડર અને કોન્ટ્રાક્ટ

**કામનું નામ: Annual Rate for Retrofitting/ Strengthening of Road Structures Under R&B Division Jamnagar (Year 2026-27)**

## <u>ખાસ શરતો</u>

(૧) બાનાની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- કાર્યપાલક ઇજનેર,માર્ગ અને મકાન વિભાગ,જામનગરની એફ.ડી.આર. ૬ માસની મુદતની ટેન્ડર સાથે ભરવાની રહેશે. બાનાની રકમ વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં.

(૨) આ ભાવો ખાસ પ્રકારના કામ કરવાના હોવાથી આ કામમાં એક સીવીલ એન્જીનીયર ડિપ્લોમા/ ડિગ્રીમાં રાખવાનો રહેશે, અને તે આવા કામોનો જાણકાર હોવા જોઈએ. **<u>આ કામમા ઠેકેદાર પાસે આ કામની એપોક્ષી તેમજ સીમેન્ટ ગ્રાઉટીંગની મશીનરી – ગ્રાઉટીંગ ટાંકી, પમ્પ, કોમ્પ્રેસર, જનરેટર, તેમજ આવા કામ કરવાની મશીનરી હોવાની કીમત સાથેની વિગત ટેન્ડરમાં આપવાની રહેશે, જો વિગત આપેલ ન હોય તેવા ટેન્ડર ગેર લાયક ગણી ખોલવામાં આવશે નહી.</u>**

(3) જે ઠેકેદારશ્રીને ઓર્ડર આપવામાં આવે, તેઓએ જ કામ કરવાનું રહેશે. ઠેકેદારશ્રી કોઈપણ સંજોગોમાં પેટા-કોન્ટ્રાક્ટ આપી શકાશે નહીં. જો પેટા કોન્ટ્રાક્ટ આપવામાં આવશે તો તેનું મંજુર થયેલ ટેન્ડર રદ કરવામાં આવશે. કામના સ્થળ પર ઠેકેદારશ્રી પોતે અથવા પોતાના અધિકૃત કરેલ પ્રતિનિધિ જ હાજર રહી શકશે.

(૪) સૌથી નીચા આવેલ ભાવે, આ ટેન્ડરમાં ભાવો ભરનાર ઠેકેદારશ્રીઓ પૈકી કામ કરવા સહમત થશે તો કામોની અગત્યતા અને કામની હિતને ધ્યાને લઇ ટેન્ડરમાં ભાવો ભરનાર ઠેકેદારશ્રીઓ પૈકી પાસે કામ કરાવી શકાશે, આ ટેન્ડરમાં સૌથી નીચા આવેલ ઠેકેદારશ્રીનો કોઈ હક્ક દાવો રહેશે નહી. તેમજ સૌથી નીચા આવેલ ઠેકેદારશ્રી વાંધો લઈ શકશે નહીં. આ ટેન્ડરમાં ભાવો ભરનાર ઠેકેદારશ્રીઓ લોએસ્ટ આવેલ ભાવે કામ કરવા સહમત હોય તો તેવા ઠેકેદારશ્રીના ભાવ મંજુર કરવામાં આવશે, તેમજ કામ આપી શકાશે તેમજ સૌથી નીચા આવેલ ઠેકેદારશ્રી વાંધો લઈ શકશે નહીં, **<u>જે મુજબનું સોગંદનામું રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર નોટરી કરાવી ટેન્ડરની સાથે ઓનલાઇન કરવાનું તેમજ હાર્ડ કોપીમાં રજૂ કરવાનું ફરજિયાત રહેશે.</u>**

(૫) ઠેકેદારશ્રીએ ભરેલા ભાવપત્રકો ખોલ્યા બાદ ભરેલા ભાવોની સમિક્ષા, મુલ્યાકન કરી તેની સમકક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ ઠેકેદારશ્રીના ભાવ ગ્રાહય રાખી મંજુર કરવામાં આવશે, તેની જાણ ઠેકેદારશ્રી ને કરવામાં આવશે.

(૬) જે ઠેકેદારશ્રીના ભાવ મંજુર થયા તેને કામ મળશે જ એવી કોઇ બાહેધરી આપવામાં આવતી નથી.

(૭) ઠેકેદારશ્રી જે કામગીરી કરવાની થાય તે આઇટમના સ્પેશિફીકેશન અને સંબંધીત અધિકારીશ્રીની સૂચના મુજબ કરી આપવાનું રહેશે.

(૮) જે ઠેકેદારશ્રીના ભાવ મંજૂર થાય તેમણે ખાતા સાથે નિયમો અનુસાર કરારખત કરવાનું રહેશે અને કરારખત સમયે જે કોઇ અનામતની રકમ ભરપાઇ કરવાની થાઇ તે નિયમો અનુસાર ભરપાઇ કરવાની રહેશે. તેમજ બીલ માથી સરકારશ્રી ના નિયમોનુસાર જે કાઇ કપાત કરવાની થશે તે કરવામાં આવસે.

(૯) ઠેકેદારશ્રી ભરેલા ભાવોમાં, માલ, મટિરિયલ, મજુરી, મશીનરી વગેરેની કીમત સાથેનો સમાવેશ થયેલ હોવો જોઇએ.

(૧૦) શરતી ભાવપત્રકો ગ્રાહય રાખવામા આવશે નહીં.

(૧૧) **<u>ઠેકેદારશ્રીએ બ્રિજના સ્ટ્રેન્થનિંગ, રેટ્રોફીટીંગના કરેલ કામોનું અનુભવનું સર્ટિ 3A ફોર્મ મા રજૂ કરવાનું રહેશે, જો 3A આપેલ ન હોય તેવા ટેન્ડર ગેર લાયક ગણી ખોલવામાં આવશે નહી.</u>**

(૧૨) ઉપરોક્ત ભાવપત્રકના ભાવો વર્ક ઓર્ડર આપ્યાથી એક વર્ષ સુધીના સમય સુધી અમલમાં રહેશે. તેમ છતાં આ ભાવપત્રક ભાવોની સમય મર્યાદા, સંજોગો વશાત વધારી આપવાની જરૂરિયાત ઉપસ્થિતિ થશે તો, તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૧૩) આવેલ કોઇપણ કે સઘળા ભાવપત્રકો સ્વીકારવા કે રદ કરવાનો નીચે સહી કરનારનો અધિકાર અબાધિત રહેશે. આ માટે કોઇ કારણો આપવામાં આવશે નહીં.

(૧૪) સૌથી નીચા આવેલા ભાવો / સહમતી આપેલ ભાવો, મંજુર થયે આ વિભાગની કાર્યક્ષેત્ર હેઠળ આંવેલ બ્રીજોના રીપેરીગની, સમગ્ર જિલ્લાની કામગીરી માટે માન્ય કરવામાં આવશે.

(૧૫) જિલ્લા માટે મંજુર થયેલ ભાવો જુદા જુદા પેટા વિભાગ હેઠળના કામો માટે જે તે વિભાગ / પેટા વિભાગ ની કચેરીએ મંજુર થયેલ ભાવે ઠેકેદારશ્રીએ જરુરી કરારનામું કરી આપવાનું રહેશે. સદર કરાર ની શરતોને આધિન કામોનું ચુકવણું કરવામાં આવશે.

(૧૬) મંજુર થયેલ ભાવો ઈજદારશ્રીએ એસ.બી.ડી. ફોર્મમાં કરારત કરવાનું રહેશે. કરારનામાની બધીજ જોગવાઈઓ અને શરતો ઈજારદારોશ્રીને બંધનકર્તા રહેશે. ટેન્ડર કામને લગતા સરકારશ્રીના વખતો વખતના નિયમો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૭) ઠેકેદારશ્રીશ્રી દરેક મજુર માટે વીમો ઉતારવાનો રહેશે, તે અંગે પુરાવા જે તે પેટા વિભાગીય કચેરીએ રજૂ કરવાના રહેશે.

(૧૮) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી/ સાઇટ ઇજનેરની લેખિત વર્ક ઓર્ડર મુજબની તમામ કામગીરી કરવાની રહેશે.

(૧૯) મટીરિયલ્સના ટેસ્ટ રિસલ્ટ નિયમાનુસાર પેટા વિભાગ સાથે સંકલન કરી રજૂ કરવાના રહેશે.

(૨૦) ભરેલ ભાવો જી.એસ.ટી સિવાયના ભરવાના રહેશે, જી.એસ.ટી ની ચુકવણી અલગથી કરવામાં આવશે.

(૨૧) જે ઇજાદારના ભાવો મંજૂર થાઇ તેને રૂ.૨,૦૦,૦૦૦/- ની એફ. ડી. આર અઢાર માસ ની મુદતની ડિપોસિટ તરીકે જમા કરવાની રહેશે. જે ભાવની માન્યતા પૂર્ણ થયાનાં ૧ વર્ષ બાદ પરત કરવામાં આવશે.

(૨૨) મંજૂર થયેલ ભાવથી કામ કરતાં પેહલા વિભાગીય કચેરીથી જરૂરી પેરુઝલ/તાંત્રિક મંજૂરી મેળવી પેટા વિભાગ દ્વારા જરૂરી એગ્રીમેન્ટ કરી, વર્ક ઓર્ડર મેળવી કામ કરવાનું રહેશે.

(૨૩) મંજૂર થયેલ ભાવો ની મુદત મંજૂરીની તારીખથી ૧૨ માસની મુદતના રહેશે, તેમજ નવા ટેન્ડર મંજૂર ન થાઈ ત્યાં સુધી બંધનકર્તા રહેશે.

(૨૪) ટેન્ડર મંજૂર કરવું , ન કરવું તેનો સક્ષમ અધિકારીશ્રીને અબાધિત હક્ક રહેશે.

(૨૫) ખાસ કિસ્સામાં આગત્યતના ધોરણે હાથ ધરવાની થતી કામગીરી જો ટુંકી સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થઇ ત્યારે સોંપેલ સામે મર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે.

(૨૬) કામમાં વાપરવામાં આવેલ માલ સમાન જો રોયલ્ટી ચૂકવવાપત્ર હોય તો તેની સંપૂર્ણ જવાબદારી જેતે આસામીની રહેશે.

(૨૭) હાલના સરકારશ્રીના ધારાધોરણ મુજબ ૧૮% જી.એસ.ટી અલગ થી ચૂકવવામાં આવશે.

(૨૮) કામગીરીના શરૂઆત ના તથા કામ પૂર્ણ થયા બાદના ફોટોગ્રાફ્સ રજૂ કરવાના રહેશે.

(૨૯) ભાવ સમજી વિચરીને ભરવાના રહેશે. વધારે ઊંચા/નીચા ભાવો બાબતે રેટ એનાલિસિસ આપવાનું રહેશે. તથા તે બાબતે કોઇ વાંધો ચલાવવામાં આવશે નહિ.

(૩૦) નીચે મુજબનું સોગંધનામું રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર નોટરી કરાવી ટેન્ડરની સાથે ઓનલાઇન કરવાનું રહેશે તેમજ હાર્ડ કોપીમાં રજૂ કરવાનું ફરજિયાત રહેશે. જે ઇજાદારશ્રી દ્વારા ઓનલાઇન કે હાર્ડ કોપીમાં રજૂ કરવામાં નહીં આવે તેઓશ્રીનું ટેન્ડર રદબાતલ કરવામાં આવશે.

(૩૧) સદરહુ કામમાં ઇજારદારશ્રીને પ્રાઇઝ વેરીએશન અથવા સ્ટાર રેઇટનું ચુકવણું/ રીકવરી કરવાની રહેશે નહીં.

ઠેકેદારશ્રીની સહી

કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન વિભાગ,
જામનગર

કામનું નામ: **Annual Rate for Retrofitting/ Strengthening of Road Structures Under R&B Division Jamnagar.**

**-: સોગંદનામું :-**

સૌથી નીચા આવેલ ભાવે, આ ટેન્ડરમાં ભાવો ભરનાર ઠેકેદારશ્રીઓ પૈકી કામ કરવા સહમત થશે તો તેના ભાવ પણ મંજુર કરવામા આવશે, કામોની અગત્યતા અને કામની હિતને ધ્યાને લઇ ટેન્ડરમાં ભાવો ભરનાર / સહમતી આપેલ ઠેકેદારશ્રીઓ પૈકી પાસે કામ કરાવી શકાશે, આ ટેન્ડરમાં સૌથી નીચા આવેલ ઠેકેદારશ્રીનો કોઇ હક્ક દાવો રહેશે નહી. તેમજ સૌથી નીચા આવેલ ઠેકેદારશ્રી વાંધો લઇશું નહીં. ઠેકેદારશ્રીઓ પાસે કામની અનિવાર્યતા ઉપસ્થિત થયે તાત્કાલિક ધોરણે અમારા પ્રત્યક્ષ કે પરોક્ષ જાણ વગર કરવામાં આવશે તો તેની સામે અમો કોઇ વાંધો, હક્ક, દાવો કે તકરાર કે નાણાકીય ક્લેમ કરીશું નહિ. તેની ખાત્રિ પૂર્વક અમો આથી બાંહેધરી આપી સોગંધનામું કરી આપીએ છીએ.

લી.................................................

ભાવ ભરનાર આસામીની સહી સિક્કા

**નોંધ:** આ સોગંદનામું રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર નોટરી કરાવી ટેન્ડેરની સાથે ઓનલાઇન કરવાનું ફરજિયાત રહેશે. જે ઇજારદારશ્રી દ્વારા ઓનલાઇન કરવામાં નહીં આવે કે હાર્ડ કોપીમાં રજૂ કરવામાં નહીં આવે તેઓશ્રીનું ટેન્ડર રદબાતલ કરવામાં આવશે.

ઠેકેદારશ્રીની સહી

કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન વિભાગ
જામનગર